# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

## કરદાતાઓ માટે પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના ૨૦૨૪-૨૫

વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલી મિલક્તોના બાકી વેરા વસુલાત માટે વ્યાજ વળતર યોજના અમલમાં મુકવા માટે ઠરાવ અંક- ૪૭૬/તા.૧૦-૦૧-૨૦૨૫ થી સ્થાયી સમિતીની મંજૂરી મળેલી છે. જે અનુસાર નીચે મુજબની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

### "ભાડા આકારણી પધ્ધતિ માટે પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના "

વડોદરા મહાનગરપાલિકાનો તા. ૧-૪-૨૦૦૩ સુધીનો ભાડા આકારણીનો ભરવાપાત્ર મિલક્ત કર ( સામાન્ય કર, પાણી ચાર્જ/કર, કન્ઝરવન્સી અને સુવરેઝ ટેક્ષ , શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ) એક સહ ભરે તો નીચે મુજબ ઇન્સેન્ટીવ રિબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

1. નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની ૧૦૦% ની રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
2. ભાડા આકારણી પધ્ધતિના બાકી મિલકત વેરા પેટેની વ્યાજની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
3. ભાડા આકારણી પધ્ધતિના વેરા બીલમાં ફક્ત વ્યાજની રકમ બાકી હોય તો સદર વ્યાજની રકમમાં પણ ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
4. ભાડા આકારણી પધ્ધતિની ટેક્ષ અપીલ, તેમજ રીટર્ન થયેલા ચેકની ડિમાન્ડ ચઢાવેલી હશે તો તેઓને પણ વ્યાજની રકમમાં સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે પરંતુ તેવા કિસ્સામાં રીટર્ન થયેલા ચેક અંગે નિયમથી વસુલ કરવાપાત્ર ચાર્જ ઇલાયદા વસુલ કરવાનો રહેશે.
5. કોઇપણ કરદાતા ફક્ત ભાડા આકારણી પધ્ધતિની પાછલી બાકી રકમ ભરપાઇ કરે તો તેવા કરદાતાઓને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

### "ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના"

સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૩-૨૪ સુધીની બાકી રકમ પર તા.૩૧-૦૩-૨૦૨૫ સુધી નીચે મુજબની ઇન્સેન્ટીવ સ્કીમ મુજબ લાભ આપવામાં આવશે.

1. નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાંઆવશે.
2. તમામ રહેણાંક અને બીન રહેણાંક તમામ મિલ્કતોની પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૮૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
3. સને ૨૦૨૩-૨૪ સુધીના મિલકત વેરાના બીલમાં જો ફક્ત વ્યાજની રકમ બાકી હશે તો તેવા કરદાતાને પણ સદર યોજનાનો લાભ આપવાનો રહેશે.
4. જે કરદાતા ક્ષેત્રફળ આધારિત આકારણીની સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૪-૨૫ સુધીના મિલકત વેરા પૂર્ણ પણે ભરપાઇ કરશે તો તેઓને સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ મળશે.
5. કોઇપણ કરદાતા ભાડા આકારણી પધ્ધતિની રકમ બાકી હોય અને ફક્ત ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબના સને ૨૦૨૪-૨૫ સુધીના મિલક્ત વેરાની રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.
6. સદર યોજના દરમ્યાન તમામ વોર્ડ ઓફીસ માં કેશ કાઉન્ટરનો સમય સવારનાં ૯.૩૦ કલાકથી બપોરનાં ૪.૦૦ કલાક સુધીનો રહેશે. બપોરનાં ૧.૦૦ કલાકથી ૧.૩૦ કલાક સુધીનો સમય રીસેશ રહેશે.

ઉપરોક્ત સંપુર્ણ યોજનાનો લાભ ફક્ત યોજનાના અમલ તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વેરો ભરનાર કરદાતાઓને જ મળવાપાત્ર રહેશે.સદર યોજના અંતર્ગત ચેકથી ભરવામાં આવેલી રકમનો ચેક કોઇપણ કારણોસર રીટર્ન થશે અને યોજનાની મુદ્દત પુરી થયેલી હશે તેવા કિસ્સામાં કરદાતાએ વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સબંધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૧૦૨૬/૨૦૨૪-૨૫ મ્યુનિસિપલ કમિશનર